# મહારાષ્ટ્ર અને એમપીમાં કોરોના વકર્યો

## છેલ્લા ૨૪ કલાકમાં ૧૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોરોના ચેપને કારણે કોઈ મૃત્યુ થયું નથી : કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે માહિતી આપી

નવી દિલ્હી, તા.૨૦

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે શનિવારે કહ્યું કે, કેવિડ-૧૯ના નવા કેસ કેરળ, મહારાષ્ટ્ર, પંજાબ, છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં વધ્યા છે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે છેલ્લા સાત દિવસમાં છત્તીસગઢમાં દરરોજ વાયરસના ચેપના કેસોમાં વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાંથી ૨૫૯ નવા કેસ નોંધાયા છે. કેરળમાં દરરોજ કોરોના સંક્રમણનાં કેસો વધી રહ્યા છે અને છેલ્લા એક અઠવાડિયામાં મહારાષ્ટ્રમાં પણ તીવ્ર વધારો થયો છે. તેનાથી શનિવારે દેશમાં ચેપના નવા કેસો વધારો થયો છે.

મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ ના ૬,૧૧૨ નવા કેસ નોંધાયા હતા. મહારાષ્ટ્રની જેમ પંજાબમાં પણ દૈનિક કેસ વધી રહ્યા છે જ્યાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૮૩ નવા કેસ નોંધાયા છે. મંત્રાલયે કહ્યું કે ૧૩ ફેબ્રુઆરીથી મધ્યપ્રદેશમાં ચેપના કેસમાં વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાંથી ૨૯૭ નવા કેસ આવ્યા હતા. મંત્રાલયે કહ્યું કે, કોરાના વાયરસના ચેપની કડી તોડવા અને તેના ફેલાવાને રોકવા માટે યોગ્ય વર્તન અપનાવવાની જરૂર છે. માત્ર બે રાજ્યો મહારાષ્ટ્ર અને કેરળમાં કોવિડ -૧૯ નો ૭૫.૮૭ ટકા એક્ટિવ કેસ છે.

મંત્રાલયે કહ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં ૧૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોરોના ચેપને કારણે કોઈ મૃત્યુ થયું નથી. તેમાં તેલંગાણા, હરિયાણા, જમ્મુ કાશ્મીર, ઝારખંડ, હિમાચલ પ્રદેશ, ત્રિપુરા, આસામ, ચંદીગઢ, લક્ષદ્વીપ, મણિપુર, મેઘાલય, લદાખ, મિઝોરમ, સિક્કિમ, નાગાલેન્ડ, અરુણાચલ પ્રદેશ, અંદમાન અને નિકોબાર ટાપુઓ, દાદરા, નગર હવેલી, દમણ અને દીવનો સમાવેશ થાય છે.

### મુંબઈમાં ૧૩૦૫ ઈમારતોને સીલ કરાઈ

મુંબઈમાં અચાનક જ કોરોના વાયરસ સંક્રમણનાં કેસ ઝડપથી વધવાનાં કારણે બીએમસીએ ફરીથી કડક પ્રતિબંધો અમલમાં મુકવાનાં શરૂ કરી દીધા છે, મુંબઈમાં ૧૩૦૫ ઈમારતોને સીલ કરી દેવામાં આવી છે, તેમાં ૭૧,૮૩૮ પરિવારો રહે છે, મુંબઈમાં ૨૭૪૯ કેસ નોંધાયા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. મહારાષ્ટ્રમાં ત્રણ મહિના બાદ પહેલી વખત શુક્રવારે કોવિડ-૧૯નાં ૬ હજારથી પણ વધુ નવા કેસ આવ્યા છે, સંક્રમણનાં ૬૧૧૨ નવા કેસમાં મોટાભાગનાં અકોલા, અને મુંબઈ બ્લોક માંથી આવ્યા છે, આ પહેલા રાજ્યમાં ૩૦ ઓક્ટોબરે એક દિવસમાં ૬ હજારથી પણ વધુ નવા કેસ આવ્યા હતાં, ત્યાર બાદ કેસની સંખ્યા ઘટવા લાગી હતી.



### મુંબઈમાં માસ્કના નિયમના પાલન માટે માર્શલ્સ તૈનાત

ભારતમાં વેક્સિનેશનના મહાઅભિયાન વચ્ચે કોરોનાએ ફરી માથું ઉચક્યું છે. કોરોના એક જ દિવસમાં ત્રણ અઠવાડિયાની ટોચની સપાટીએ પહોંચ્યો છે. ભારતમાં શુક્રવારે ત્રણ અઠવાડિયામાં એક જ દિવસમાં સૌથી વધુ કેસ નોંધાયો હતો. એક જ દિવસમાં ૧૩,૧૯૩ કેસો મળી આવ્યા હતા. આમ શુક્રવારે દેશમાં કોરોનાના કેસો આશરે ૧.૧ કરોડની નજીક પહોંચી ગયા હતા. જે અમેરિકા બાદ બીજા ક્રમે છે. દેશમાં મોતનો આંકડો પણ ૧,૫૬,૦૦૦ થયો છે. મહારાષ્ટ્રમાં છેલ્લાં ત્રણ મહિનાની ટોચની સપાટી પહોંચી છે. જેને પગલે રાજ્યની સરકારે અનેક જિલ્લામાં લોકડાઉનની જાહેરાત કરી છે અને વર્ધામાં તો ૩૬ કલાકનો કરફ્યૂ પણ લાદી દીધો છે. મુંબઈમાં માસ્ક પહેરવાના નિયમનું પાલન કરવા માટે માર્શલ્સ તૈનાત કરાયા છે.

## લાલ કિલ્લામાં હિંસાના આરોપી લક્ખા સિંહે વીડિયો દ્વારા દિલ્હી પોલીસને આપ્યો પડકાર

ન્યુ દિલ્હી,તા.૨૦

દિલ્હીમાં લાલ કિલ્લા હિંસામા માસ્ટર માઈન્ડ અને એક લાખ રૂપિયાના ઈનામી એવા પૂર્વ ગેંગસ્ટર લક્ખા સિંહ સિધાનાએ ફરી એકવાર ઉશ્કેરણીજનક વીડિયો શેર કર્યો છે. લક્ખાએ પોલીસને ખુલી ચેતવણી આપતા ૨૩મી ફેબ્રુઆરીએ વધુ એક પ્રદર્શનની જાહેરાત કરી છે. આ પ્રદર્શન ભઠિંડામાં કરવાની તેને ચેલેન્જ આપી છે વીડિયો દ્વારા તેણે આ પ્રદર્શનમાં પંજાબના વધુમાં વધુ યુવાઓને શામેલ થવા હાકલ કરી છે. લક્ખા સિંહ ૨૫ દિવસથી દિલ્હી પોલીસની સંતાઈને ભાગતો ફરે છે. તેના પર દિલ્હી પોલીસે એક લાખ રૂપિયાનું ઈનામ પણ જાહેર કર્યું છે. પોતાના ફેસબુક પર તેને એક વીડિયો પણ અપલોડ કર્યો છે. આ વીડિયોમાં તે પંજાબના લોકો અને યુવાઓને રીતસરનો ઉશ્કેરી રહ્યો છે.

**પોલીસે તેના પર એક લાખ રૂપિયાનું ઇનામ પણ જાહેર કર્યું છે**

વીડિયો કોઈ ટેંટની અંદર અને રાતના સમયે બનાવવામાં આવ્યો છે. ટેંટમાં અનેક લોકો ધાબળા ઓઢીને ઉંઘી રહ્યા હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. વીડિયોમાં લક્ખા કહે છે કે, ૨૩ ફેબ્રુઆરીએ મોટી સંખ્યામાં લાખો લોકો પહોંચવા જોઈએ. ભઠીંડા જીલ્લાના મેજરાજા પિંડ (ગામ) માં આવો, અહીં જ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું છે. આઓ મારા ભાઈઓ. મોટી સંખ્યામાં પ્રયાસ કરો જેથી કરીને ખબર પડે કે આપણે ખેડૂત આંદોલનની સાથે છીએ. પંજાબના ભઠિંડાના રહેવાસી લક્ઝા સિધાના ૨૬ નવેમ્બર, ૨૦૨૦થી જ સિંધુ બોર્ડર પર પ્રદર્શાનમાં શામેલ છે.

# દેશમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને અનુરૂપ કાયદા ઘડવાની ભલામણ

## વડાપ્રધાન મોદીનું નીતિ આયોગની બેઠકને સંબોધન : સરકારના આત્મનિર્ભર ભારત અભિયાનમાં ખાનગી ક્ષેત્રને પણ સંપૂર્ણ તક આપવા, કેન્દ્રને રાજ્યો સાથે નિકટ રહીને કામ કરવા વડાપ્રધાનની તરફેણ

નવી દિલ્હી, તા.૨૦



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે નીતિ આયોગની બેઠકને સંબોધતા દેશમાં સદીઓ જૂના કાયદાઓને બદલીને દેશમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ માટે અનુરૂપ કાયદા ઘડવાની તેમજ દેશને વધુ આગળ વિકાસના પથ પર લઈ જવાની તરફેણ કરી હતી. આ ઉપરાંત પીએમ મોદીએ આર્થિક વિકાસને વેગ આપવા માટે કેન્દ્ર અને રાજ્યોએ સાથે મળીને કામ કરવું પડશે તેમ જણાવ્યું હતું.

સરકારના આત્મનિર્ભર ભારત અભિયાનમાં ખાનગી ક્ષેત્રને પણ સંપૂર્ણ તક મળવાની તરફેણ વડાપ્રધાને નીતિ આયોગની ગર્વનિંગ કાઉન્સિલ બેઠકને સંબોધતા જણાવ્યું હતું. રાષ્ટ્રના વિકાસ માટે કેન્દ્ર સરકારે રાજ્ય સરકાર સાથે નિકટ રહીને કામ કરવું જોઈએ. સરકારે ખાનગી ક્ષેત્રને યોગ્ય સમ્માન અને તક પુરી પાડીને આર્થિક પ્રગતિમાં તેને સહભાગી થવા દેવું જોઈએ.

પીએમ મોદીએ વધુમાં ઉમેર્યું કે કેન્દ્રીય બજેટ ૨૦૨૧-૨૨ને મળેલો સકારાત્મક પ્રતિસાદ દર્શાવે છે કે દેશ હવે વિકાસના પથ પર આગળ વધવા માંગે છે અને વધુ ઝડપથી આગળ ધપવા ઈચ્છે છે. સરકાર દ્વારા લેવાયેલા પગલાંની મદદથી પ્રત્યેક લોકોને રાષ્ટ્રનિર્માણમાં તક મળી શકશે. કૃષિ ક્ષેત્રનો ઉલ્લેખ કરતા વડાપ્રધાને કહ્યું કે, દેશમાં ખાદ્ય તેલની આયાત નિર્ભરતા ઘટાડવા પ્રયાસ કરવો જોઈએ. આ માટે ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન પુરું પાડવું પડશે. આયાત નિર્ભરતા ઘટાડીને બચતી રકમ ખેડૂતોને આપવાનો પ્રયાસ થવો જોઈએ. ટેક્નોલોજીના યુગમાં લોકો પર ફરજ પાડવાનું ભારણ ઓછું કરવું જોઈએ અને રાજ્યોએ નિયમનો ઘટાડવા કમિટીનું ગઠન કરવું જોઈએ તેમ વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આજે નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠક યોજાઈ. શનિવારે સવારે ૧૦:૩૦ કલાકે વડાપ્રધાન વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી નીતિ આયોગની ગવર્નિંગકાઉન્સિલની છઠ્ઠી બેઠકની અધ્યક્ષતા કરી.

## સમાચાર રફ્તાર

- ભાજપમાં જોડાતા પહેલા ઈશ્રીધરનને કેરળના મુખ્યમંત્રી બનવાની આશા.
- પંજાબ સરકારની પેન્ડીંગ જીએસટી વળતર જાહેર કરવા અપીલ.
- જૂનાગઢના ધારાસભ્ય ભીખાભાઈ જોષી ૨૦૦૮ના મારામારીના કેસમાં દોષી જાહેર થયા.
- મતદાનના અંતિમ કલાકમાં કોરોના સંક્રમીત દરદી મતદાન કરી શકશે.
- એસટી અને બીઆરટીએસના ભાડા વધવાની શક્યતા.
- દેશમાં છેલ્લા ૨૭ દિવસમાં સૌથી વધુ કોરોનાના કેસ શુક્રવારે નોંધાયા.
- રાજકોટ હૈદરાબાદ વિમાની સેવા ૧લી માર્ચથી આરંભાશે.
- મહારાષ્ટ્રમાં કેટલાક મંત્રીઓ બીજીવાર કોરોના પોઝીટીવ થયા.
- ગૃહમંત્રી અમિત શાહને પશ્ચિમ બંગાળ કોર્ટનું સમન્સ રજુ કરાયું.
- મ્યાનમારમાં ૪.૩ની તીવ્રતાવાળા ભુકંપના આંચકા.
- ભાજપ યુવા મોરચાના નેતા પામેલા ગોસ્વામી ૧૦૦ ગ્રામ કોકીન સાથે કલકત્તામાં પકડાયા.
- આગામી અઠવાડીયામાં રાજસ્થાનમાં અનેક સ્થાનો પર કિસાન મહાસભા યોજાશે.

## સાઠંબાના હોમગાર્ડ સ્વ. દિનેશભાઈના પરિવારને ક્વીક હેલ્પ દ્વારા ૫૦ હજારની સહાય



સાઠંબા તા.૧૯

અરવલ્લી અને મહીસાગર જીલ્લાની હદ પર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને બનાવવામાં આવેલ ધોળીડુંગરી ચેકપોસ્ટ પર મંગળવારની રાત્રે ફરજ દરમિયાન હોમગાર્ડ જવાન દિનેશભાઈ ખાંનાભાઈ પરમારનું ઈકો કારની ટક્કરે કરૂણ મોત નીપજ્યું હતું.

હોમગાર્ડ જવાન સ્વ. દિનેશભાઈ ખાંનાભાઈ પરમારના પરિવારને "ક્વિક હેલ્પ" દ્વારા આજરોજ રોકડ ૫૦,૦૦૦/- રૂપિયાની સહાય પુરી પાડવામાં આવી હતી. આ સમયે જીલ્લા હોમગાર્ડ કમાન્ડર ડી. ડી. પટેલ, રાઠોડ બાયડના યુનિટ કમાન્ડર મિર્ઝા, સાઠંબા યુનિટ યુનિટ કમાન્ડર ચંદુભાઈ પટેલ અને મુકુંદભાઈ પટેલ તેમજ હોમગાર્ડ જવાનોએ ઉપસ્થિત રહી સ્વ. હોમગાર્ડ જવાન દિનેશભાઈના પરિવારને સાંત્વના આપી હતી.

# ઈડરમાં ૬૯ મહિલાઓ સાથે છેતરપીંડી : અંતે ફરિયાદ

ઈડર તા,૨૦

ઈડર પીલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ઈડર જવાનપુર વિસ્તારના યુનિક સ્કૂલની બાજુમાં આવેલ અર્બુદા કોમ્પ્લેક્ષ ખાતે સંપદના સ્ફૂર્તિ ફાઈનાન્સ કંપની આવેલ છે જેમાં નોકરી કરતા ભાવેશ દિનેશભાઈ ભોઈ ઉમ.વર્ષ.૨૫ રહે.પાલી ખેડા બાલાસીનોર હાલમાં મહાવીર નગર રામનગર હિંમતનગર આશરે પાંચ વર્ષથી સંપદના કંપનીજે નાનકરામ ગુંડા હેદરાબાદ રાજ્યના તેલંગણા રાજ્યમાં આવેલ છે જેની ઈડર ખાતે બ્રાન્ચ સંપદના સ્ફૂર્તિ ફાઈનાન્સ ના નામથી ખોલવામાં આવી હતી કલસ્ટર ઓફીસ હિંમતનગર ખાતે આવેલ છે ફાઈનાન્સ કંપની દ્વારા ગામડાની અને શહેરની સખી મંડળ મહિલાઓને શરતો આધીન જરૂરિયાત મુજબ લોન આપવામાં આવે છે જે લોનની વસુલાત માટે ક્રેડિટ આસિસ્ટન્ટની નિમણુંક કરવામાં આવેલ છે જે તમામ બ્રાન્ચના સુપર વિજન માટે બ્રાન્ચ મેનેજર હોય છે જે લોનની લેવડદેવડ માટે કામગીરી કરે છે જેમાં લોન લેનાર ગ્રાહક મહિલાઓના હપ્તા તેઓ દ્વારા ઉઘરાવી ઈડર ખાતે સંપદના ફાઈનાન્સ કંપનીમાં જમા કરવામાં આવતા હોય છે સંપદના સ્ફૂર્તિ ફાઈનાન્સ કંપની ઈડર બ્રાન્ચના મેનેજરે સંજયકુમાર પુનાભાઈ પટેલિયા રહે. મુલોજ તા.મોડાસા. જી.અરવલ્લી કિરણ ભવાન ભાઈ બારીયા - ચિરાગ નરેન્દ્રસિંહ ચારણ, જયદીપસિંહ મંદનસિંહ રહેવર અને પરેશકુમાર ઉદયસિંહ ખોટ વિરુદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ૬૯ મહિલા ગ્રાહકો સાથે લોનના અલગ અલગ તારીખોમાં હપ્તા ઉઘરાવી રૂ: ૧, ૧૨, ૪૫૬/-ની ઉચાપત કરતા પાંચ સામે ફરિયાદ નોંધાઈછે

### કોને કેટલી ઉચાપત કરી

ઈડર બ્રાન્ચ ઓફિસના મેનેજર - સંજયકુમાર પુનાભાઈ પટેલિયા. રહે. મુલોજ.તા.મોડાસા ના ઓએ ૫ મહિલાઓના રૂ:૩૨૨૧૬/- ની વસુલાત કરી લોનના કોર્ડમાં સહિકરી નાણાંની ઉચાપત કરેલ છે.

ક્રેડિટ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા પરેશકુમાર ઉદયસિંહ ખોટ.રહે. તખતપુર.બાયડ ના ઓએ ૨૭ મહિલા ગ્રાહકોના રૂ: ૩૦, ૫૫૦/-ઉચાપત કરેલ છે.

ક્રેડિટ આસિસ્ટન્ટ જયદીપસિંહ મંદનસિંહ રહેવર રહે. સરડોઈ તા. મોડાસા ના ઓએ ૭મહિલાઓના રૂ:૮૫૬૦/-ઉચાપત કરેલ છે.

ક્રેડિટ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા ચીરાગ નરેન્દ્રસિંહ ચારણ રહે. બોરડી. તા. મોડાસા ના ઓએ ૧૦મહિલા ગ્રાહકો ના રૂ: ૫૬૩૦/--ની ઉચાપત કરેલ છે.

ક્રેડિટ આસિસ્ટન્ટ કિરણભાઈ ભવાનભાઈ બારીયા રહે. જેતપુર.તા. માલપુર ના ઓએ ૨૦ મહિલાઓના રૂ: ૩૫૫૦૦ /-ઉચાપત કરેલ છે.

# બનાસકાંઠાના પૂર્વ આરોગ્ય અધિકારી સામે તપાસનો ના. મુખ્યમંત્રીનો આદેશ

## માસ્ક અને બેનરોની ખરીદીમાં ગેરરીતિનો ગંભીર આક્ષેપ

હાલમાં બઢતીથી વડોદરામાં નાયબ આરોગ્ય નિયામક તરીકે ફરજ બજાવતાં બનાસકાંઠાના પૂર્વ આરોગ્ય અધિકારી ડૉ.એમ.જે. ફેન્સી દ્વારા કોરોના મહામારી દરમિયાન માસ્ક અને ફલેક્સ બેનરની ખરીદીમાં મસમોટું કૌભાંડ આચર્યું હોવાના તેમની સામે આક્ષેપો થયાં છે. આ અધિકારી તાલુકાના આરોગ્ય અધિકારીઓના ઓનલાઈન ખરીદી કરવાના જી. ઈ. એમ. પોર્ટલના આઈડી-પાસવર્ડ પોતાની પાસે રાખી મનફાવે તે કંપની પાસેથી ઉંચાભાવે ખરીદી કરતાં હોવાની ફરિયાદો થઈ છે. જેના સંદર્ભે રાજ્યના નાયબ મુખ્યમંત્રી દ્વારા આ અધિકારી સામે તપાસના આદેશ આપવામાં આવ્યાં છે.

આ અંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને પૂછતા તેમણે જણાવ્યુ હતુ કે, ડૉ. મનીષ ફેન્સી સંદર્ભે જે અહેવાલો મળ્યા છે તે ઘણા ગંભીર છે, આવુ ખોટુ ચલાવી શકાય નહી.સત્ય બહાર લાવવા માટે તપાસના આદેશ આપવામાં આવ્યાં છે.

ઘટનાની વિગતો એવી છે કે, બનાસકાંઠાના પૂર્વ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.એમ.જે. ફેન્સીની તાજેતરમાં નાયબ નિયામક તાલીમ કેન્દ્ર વડોદરા ખાતે બઢતી આપવામાં આવી છે. કોરોના મહામારીમાં માસ્ક અને ફ્લેક્સ બેનર ખરીદીમાં કૌભાંડ આચર્યું હોવાના આક્ષેપો થયાં છે. ગુજરાત સરકારના ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ૩૦ માર્ચે કરેલા પરિપત્રમાં માસ્ક વધુને વધુ ૪૯.૬૧ રૂપિયાના ભાવથી ખરીદી શકશે તેવું સ્પષ્ટ જણાવ્યું હતુ. તેમ છતાં આ અધિકારીએ મે મહિનામાં માસ્ક રૂ.૨૭૪.૯૮ના ભાવે ખરીદી કરાવી હતી. આ સિવાય જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ૧૩૯ ફ્લેક્સ બેનર ખરીદવાનો આ અધિકારી દ્વારા જે દિવસે પરિપત્ર કરવામાં આવ્યો હતો તેના અડધો કલાકમાં જ વિવિધ તાલુકાઓમાંથી અંદાજે ૪૮ લાખના ફ્લેક્સ બેનર માત્ર એક જ કંપની પાસેથી ખરીદવાનો ઓર્ડર જેમ પોર્ટલ પર થયો છે.

મહત્ત્વની વાત તો એ છે કે, દરેક તાલુકામાંથી ફલેક્સ બેનર ખરીદી માટે જે ઓર્ડર થયા છે, તે એક જ કંપનીને થયા છે, જે કૌભાંડ આચર્યું હોવાની હકીકત સાબિત કરે છે. કારણ કે, કોઈપણ જાતની સરકારી ખરીદી જી.ઈ.એમ. પોર્ટલના માધ્યમથી કરવાની સરકારની સૂચના છે. જેથી એક સાથે દરેક તાલુકામાંથી ઓર્ડર થાય અને એક જ કંપનીને ઓર્ડર મળે તે શક્ય નથી.

## પી.આર. ઠક્કર વિદ્યાવિહાર મગોડીમાં યોગ શિબિર યોજાઈ



ચિલોડા, તા. ૨૦

મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં આયુષ હેલ્થ અને વેલનેસ સેન્ટર દ્વારા શાળામાં યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આયુર્વેદિક ડૉ. બિંદિયાબેન યોગ ટ્રેનર દિનેશભાઈ તેમજ શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા. યોગ ટ્રેનર દિનેશભાઈ દ્વારા વિવિધ પ્રકારના યોગાસનો તેમજ પ્રાણાયામ દ્વારા વિદ્યાર્થી જીવનમાં માનસિક તણાવથી દૂર રહી વધુમાં વધુ વિદ્યાભ્યાસ કેવી રીતે કરી શકાય તેની સુંદર માહિતી પુરી પાડી હતી. કાર્યક્રમના અંતે શાળાના શિક્ષક જે.બી. ચૌધરી દ્વારા સર્વેનો આભાર માન્યો હતો.

### પ્રબળ માંગણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરમાં હાલ મુખ્યમાર્ગો પર અન્ડર પાસનુ કામ ચાલી રહ્યુ છે. નગરના ઘ અને ગ માર્ગ પર અન્ડર પાસના પ્રોજેકટ અન્વયે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. ચિલોડા સરખેજ માર્ગના તોતિંગ પ્રોજેકટ અન્વયે રૂટમાં સાત જેટલા ઓવરબ્રિજ તૈયાર કરવાનુ આયોજન છે. ત્યારે હાલ સરગાસણ , ઉવારસદ અને ઘ-૦ નો ઓવરબ્રિજ તૈયાર કરી દેવાયો છે. ટુંકમાં આ ઓવરબ્રિજનુ લોકાર્પણ પણ કરી દેવાશે. શહેરમાં રોડ નેટવર્કને અપગ્રેડ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. ત્યારે શહેરી વિસ્તારના વાવોલ ગામ નજીકના ફાટકને અનુલક્ષીને પણ ઓવરબ્રિજ બનાવવા માટે માંગ ઉઠવા પામી છે. ખ-૩ થી વાવોલ તરફ જવાના માર્ગ પર સ્થિત આ ફાટકના લીધે દિવસમાં ત્રણ ટાઈમ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. આ ટ્રેક પરથી દિવસમાં ત્રણવાર ભારખાનુ પસાર થાય છે. જેના લીધે ફાટક બંધ રહેતા વાહનચાલકોએ સમય અને પેટ્રોલ વેડફાય છે. આ રૂટમાંથી પસાર થતા વાહનો ઉપરાંત ઉત્તર ગુજરાત તરફ જતા ટ્રાફિક માટે હાલ લાંબા સમયથી આ ફાટક અડચણરૂપ બન્યુ છે. ફાટક પર વાહનોનો ખડકલો થાય છે. અલબત્ત સવારે , બપોરે અને સાંજે કોલસાનુ ભારખાનુ પસાર થતા વાહનચાલકોએ લાંબા સમય સુધી કતારમાં રહેવુ પડે છે. ફાટકની બન્ને બાજુ વાહનોની અડધો કી મી સુધીની કતાર થાય છે. ત્યારે હવે લાંબા સમયના અંતે શહેરના મુખ્યમાર્ગોની જેમ આ વિસ્તારમાં રોજ બરોજ હજારો વાહનચાલકોની સમસ્યા નિવારવા માટે ઓવરબ્રિજ તૈયાર કરવાનુ આયોજન કવરામાં આવે તેવી પણ માંગણી પ્રબળ બની છે. સેપ્ટ યુનિવર્સિટીએ આ ફાટકને અનુલક્ષી કઈ રીતે ઓવરબ્રિજ તૈયાર થાય તે અંગે સર્વે પણ કર્યો હોવાનુ ધ્યાને આવ્યુ છે. વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ કક્ષાએથી પણ આ ઠેકાણે અન્ડર પાસ બનાવવા માટે અગાઉ રજુઆત કરી છે.

## પાલનપુર નગરપાલિકા ચૂંટણી જંગ

# બળવાનું બ્યુગલ ફૂંકનાર ૬ કાર્યકરોની ભાજપમાંથી હકાલપટ્ટી

### ભાજપ દ્વારા ટીકીટ ન આપતા પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારા ૬ કાર્યકરોને સભ્યપદેથી તગેડી મુકાયા

પાલનપુર

પાલનપુર નગરપાલિકાના ચૂંટણી જંગ માં પક્ષ સામે બળવાનું બ્યુગલ ફૂંકી પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરી સામા પક્ષે ચૂંટણી લડી પ્રચાર કરનાર ૬ કાર્યકરોને ભાજપે સભ્યપદેથી તગેડી મૂકી પક્ષમાંથી પણ હકાલપટ્ટી કરી છે.

પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપની ઉમેદવાર પસંદગીને લઈને ભાજપમાં જ અસંતોષ ફેલાયો હતો. જેમાં પક્ષની ટીકીટ ન મળતા કેટલાક કાર્યકરોએ પક્ષ સામે બગાવત કરી અન્ય પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાવી પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરી પ્રચાર કરતા ભાજપે આવા સભ્યો સામે શિસ્તની ચાબુક વીંઝી છે.

બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણની સૂચનાથી પક્ષ વિરોધી કરનારા પાલનપુરના ૬ કાર્યકરોને સભ્યપદેથી દૂર કરી તેઓને ભાજપમાંથી સસ્પેન્ડ કરાયા હોવાનું જિલ્લા ભાજપ મહામંત્રી ડાહ્યાભાઈ પીલિયાતરે એક અખબારીયાદીમાં જણાવ્યું છે.

**કોની કરાઈ હકાલપટ્ટી**

(૧) ભરતકુમાર ભીખાજી ઠાકોર (૨) ભારતીબેન ભરતકુમાર ઠાકોર (૩) ભરતભાઈ ઈશ્વરભાઈ પટેલ (દાઢી) (૪) પ્રતિકભાઈ પ્રવિણભાઈ માઢવાલા (પટેલ) (૫)મંજુલાબેન હર્ષદભાઈ પટેલ (ચૌધરી) (૬)હર્ષદભાઈ ભીમજીભાઈ પટેલ (ચૌધરી)

### ૭૨ વૃક્ષો કપાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારે આ કામગીરીને અનુલક્ષી વનવિભાગ દ્વારા ૭૨ વૃક્ષોનુ માર્કીંગ કરાયુ છે. આ વૃક્ષોની કટોતી કરાશે. નવા બિલ્ડીંગના નિર્માણને અનુલક્ષી વૃક્ષોની કટોતી માટે સંબંધિત તંત્રએ વનવિભાગને રૂ ૮૫ હજારનુ વળતર પણ ચુકવ્યુ છે. જયારે માર્કીંગ કરાયેલા આ વૃક્ષો પૈકી મોટાભાગના રોપાઓ છે. શહેરમાં કર્મયોગી ભવનનના નવા બ્લોક બાંધવાનુ કામ પણ પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત નવી કચેરીઓને અનુલક્ષીને પણ

નવા બિલ્ડીંગો બાંધવામાં આવે છે ત્યારે હરિયાળીને નુકશાન થાય છે. સેકટરોમાં નવા સરકારી આવાસો બાંધવાની કામગીરી અન્વયે પણ વૃક્ષોની કટોતી થાય છે. જયારે હરિયાળા વૃક્ષોના સ્થાને નવા બિલ્ડીંગો અસ્તિત્વમાં આવી રહ્યા છે. જેના લીધે પ્રકૃતિ પ્રેમીઓમાં પણ રોષની લાગણી પ્રબળ બની છે.

### ઢોલ ઢબૂક્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત આ સીમાંકનમાં માત્ર કેટલાકને સાચવવાનો જ અભિગમ કેન્દ્ર સ્થાને હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યાની વાતો લોકજીભે થઈ રહી છે. ગાંધીનગર શહેરનું નવુ સીમાંકન અત્યારે જે રીતે ચર્ચામાં છે તે જોતાં ચૂંટણી વધુ રાજકીય ગરમાવા સાથે યોજાશે તેમ મનાઈ રહ્યુ છે. શહેર વિસ્તારમાં ભાજપની પક્કડ ઓછી થતી અને ગ્રામ્ય વિસ્તારમાં પક્કડ જમાવવાના પ્રયત્નો વચ્ચે સીમાંકને શહેરમાં એકાએક રાજકીય ગરમી આણી દીધી છે.